R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 24 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH OCTOBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

આપણી માતૃભાષા, ધર્મ અને વારસાગત સંસ્કારો જીવનની ધરોહર હોય છે. આ અંગે તંત્રી મંડળના સભ્ય એડ. ઉદયન શાહના વિચારોને આ અંકના તંત્રીલેખમાં સ્થાન આપેલું છે.

– ડૉ. હીરાચંદ દંડ



# આપણી ભાષા, ધર્મ અને કચ્છીયતની વિરાસતો

નવરાત્રી દરમ્યાન રાસ, ગરબાનો જાજરમાન કાર્યક્રમ જોયો અને એ આ જોઈને આ લેખ લખવા પ્રેરાયો છું. આપણે કચ્છી ભાષા (ક.દ.ઓ.ની), જૈન ધર્મ અને રીતિરિવાજો વિશે ઘણું જાણીએ. પણ આ બધું કાળ અને સંજોગોને આધીન છે. એમાં ઘણા બધાજ બદલાવ આવે છે. ૨૦૦ વર્ષ પૂર્વે આ બદલાવ જૈન સાધુ સંતો લઇ આવતા. હવે સરકાર, સામાજિક સંસ્થાઓ અને નવા પ્રકારનું શિક્ષણ આ બદલાવ લાવે છે. ક.દ.ઓ. પહેલેથી જ જાજરમાન અને સદ્ધર હોવાથી કાળની થપાટો સામે પોતાનો ધર્મ બહુજ સુંદર રીતે સાચવ્યો છે.

દેરાસરો અને ધર્મશાળાઓ આના પુરાવા છે. સારી વાત એ છે કેટલી કુપ્રથાઓનો પણ આપણે નાશ કર્યો છે. પણ સાથે સાથે આપણે કેટલી પ્રથાઓ, ધાર્મિક રિવાજોની ભેળસેળ કરી નાખી છે અથવા ભુલાવી દીધી છે.

આપણે આજે આપણી મીઠી ક.દ.ઓ.ની કચ્છી બોલીની વાત કરીએ. 'મીં' એટલે કે વરસાદ. 'શિરાણી' એટલે કે સવારનો નાસ્તો. આ શબ્દો હવે ભાગ્યેજ કોઇક બોલે છે. કચ્છી શબ્દો અસ્તકાળે છે. ભોજન, પહેરવેશ, ધાર્મિકતા, આસ્થાઓ, લગ્નની પરંપરા ભુલાવી દીધી છે. આને જીવંત રાખવી જ જોઈએ. ટૂંકમાં આપણે કદઓની કચ્છીયતને જીવંત રાખીએ. અને આને માટે ક.દ.ઓ.ની કચ્છી ભાષા-બોલી જીવંત રાખવી જરૂરી છે. કેમકે દરેક બોલી-ભાષા એ કોઈપણ જ્ઞાતિનો પાયો છે. તમે જ્યારે 'પાણી' બોલો છો તો એનું રૂપાંતર કે અર્થ 'પાણી' થાય છે. જ્યારે તમે અંગ્રેજી ભાષામાં 'વૉટર' કહો છો ત્યારે મગજ એનું ભાષાંતર માયબોલીમાં કરે છે.

જ્યારે માતૃભાષામાં વાત કરવામાં આવે છે ત્યારે તરત જ સમજણ પડે છે. સ્વાદ, સુગંધ અને બીજા ભાવો તરત જ ઉત્પન્ન થાય છે અને વાતચીત કરવામાં એક પોતિકાપણું લાગે છે જ્યારે તમે બીજી ભાષામાં વાત કરો છો ત્યારે એ નથી લાગતું. મરાઠી ભાઇઓ કે દક્ષિણી લોકો જ્યારે મળે છે ત્યારે પરસ્પર માતૃભાષામાં જ વાત કરે છે. આપણે જ્યારે કચ્છીને મળીએ ત્યારે અને ઘરમાં કચ્છી ભાષાનો ઉપયોગ કરવો જેથી કરીને આપણો ભાઈચારો વધશે. તમે ક્યારે ગુજરાતીઓને કે અન્ય ભાષીઓને કચ્છી ભાષામાં પોતાના ઘરમાં કે સમાજમાં વાત કરતા જોયા છે? આવી રીતે ક.દ.ઓ. સગપણ કે લગ્નના સમારંભમાં આજ કાલ જોવા મળે છે. છોકરો કે વરરાજા ઘુંટણીયે પડીને છોકરી પાસે માંગુ નાખે છે અને પછી 'કેક' કાપવાનો વ્યવહાર થાય છે. અને કેટલીકવાર ઘણું બધુ હાસ્યાસ્પદ લાગે છે. લગ્નના મંત્રોના પવિત્ર ઉચ્ચાર ફક્ત એક ઔપચારિકતા બની જાય છે.


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૨૪, તા. ૨૦-૧૦-૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


**તમારી જુની સાચી જરી સારા ભાવે વેચવા અમારું ભાવભર્યું આમંત્રણ**

● તમારી જુની સાચી જરીની સાડી ● જુના સાચી જરીનાં ચણીયા-ચોળી ● સાચી જરીના ઘરચોળા ● સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ ● સાચી જરીના સેલા ● સાચી જરીની બટકસબની સાડી, ચણીયા-ચોળી, બોર્ડર ● સાચી જરીની આરીવર્કની સાડી તથા ચણીયા ચોળી.

**Best value of your old Items**
**બીજે ક્યાંય જતાં પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો. રોકડા પૈસા આપવામાં આવશે.**

**: ખાસ નોંધ :**
**ઘર બેઠા તમારી જુની સાચી જરીનાં પૈસા મેળવો. તમારા ઘરે આવીને તમારી જુની Item ની Value પ્રમાણે પૈસા આપીશું.**

**(ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવા માટે હાજર રહીશું.)**

# Mahavir Sarees

મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે,
સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨

**SUNDAY OPEN TILL DIWALI**


## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

સુજ્ઞ સભ્યશ્રીઓ,

વિશેષમાં જણાવવાનું કે તા. ૨૫.૯.૨૦૨૨ના સ્નેહમિલન વખતે સામાન્ય સભામાં ગામ:બાયઠ મધ્યેની શ્રી પ્રતાપસિંહ બાપુની જગ્યા વેંચાતી લેવા બાબત આવેલ પ્રપોજલ બાબત નિર્ણય લેવા તથા અનિવાર્ય સંજોગોમાં ટ્રસ્ટીગણમાંથી છ ટ્રસ્ટીશ્રીઓના આવેલ રાજીનામા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા તથા બંધારણમાં સુધારા-વધારા કરવા તા. ૧૩.૧૧.૨૦૨૨ને રવિવારના બપોરના ૩ થી ૫ કલાકે દેવપુંજ હોલ, વાલજી લધા રોડ, મુલુંડ (પ), મુંબઈ-૮૦ ખાતે એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ સભાનું આયોજન કરવામાં આવેલ છે. સૌ સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે અડધા કલાક પછી યોજાશે. જેમાં કોરમનો બાધ રહેશે નહિ.

એજ લી. પ્રમુખશ્રી
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

જૈન ધાર્મિક ક્રિયાઓ, મંત્રો અને તેની પાછળના વૈજ્ઞાનિક અને સામાજીક કારણો કે રહસ્યો ફરી એકવાર સાચી રીતે સમજવાની જરૂર છે. પ્ર.સ.માં શિલ્પાબેન અજાણી બહુજ સારી રીતે જૈન ધર્મની સમજણ આપે છે. કોમ્પ્યુટર, ફાઇવ-જી અને યંત્રમાનવ (રોબોટ્સ) સાથેનો ઉપયોગ આપણી સંસ્કૃતિ સંભાળવા અને વધારવા થઇ શકે. કદઓ બહેનો ભરતગુંથણમાં માહેર છે પણ કળા બહુજ સમય માંગી લેતી હોવાથી વિસરી જવાશે. ભરતગુંથણવાળી સાડીઓ અને કપડા સાચવી રાખજો. કદાચ ભવિષ્યમાં આ કળાને જીવંત કરવામાં કામ આવશે.

ખાસ કરીને કદઓની રાંધણ કળાને ખરેખર સાચવવા જેવી અને ફરી જીવંત કરવા જેવી છે. આઝાદી પહેલા અને એના કેટલાક વર્ષો પછી આપણી બહેનો વીશીમાં એકદમ સ્વાદિષ્ટ ભોજન બનાવતી પણ આ કળા પિત્ઝા અને બર્ગરમાં ખોવાઈ ગઈ છે. હવે પાણી પણ ફિલ્ટરનું આપવામાં આવે છે. કેમકે કદાચ માટલામાં પાણી ભરતા પણ નહીં ફાવતું હોય. તમે તમારા દાદા બાપા પાસે વાર્તાઓ અને કચ્છની જૂની વાતો સાંભળી હશે. હવે ફક્ત ટીવી અને સિનેમાની જ વાર્તાઓ કરવામાં આવે છે.

તા. ૨૫.૯.૨૨ના સર્વોદય મંડળ-મુલુંડના વાર્ષિકોત્સવમાં મહિલા વિભાગે 'પાંજી ધરોહર' કાર્યક્રમમાં કદઓ સંસ્કૃતિ અને કલાની પ્રસ્તુતિ કરી હતી. કદઓ દાગીના જેવા કે જવહાર, ચંદનહાર, રાનીહાર, હાંસલીસેટ, પાટલા, ચુડ, કચ્છી ભરત કસબ તથા કદઓ નૃત્યમાં નવતાળી, થાળીરાંધ, ઢોલ રાંધ, ગજીઓ, ધમાલ, મટુકડી, બાર ડાંડિયા અને ગરીમાપૂર્ણ પ્રસ્તુતી કરી હતી.

તમે જ્યારે આપણી બોલીના શબ્દો બોલો છો ત્યારે આ ભાવાર્થ સાક્ષાત્કાર પામે છે. બાપા આ શબ્દ કદાચ માતા અને પિતા બન્નેનો સુમેળ છે. એજ પ્રમાણે આપણા નામોમાં પણ ભાવાર્થ છુપાયેલા હોય છે. એના અર્થ હોય છે અને એની સંધી વ્યાકરણ પ્રમાણે છોડી શકાય છે. હમણાં બાળકોના જે નામ પાડવાનો ચીલો છે એમાં તુંકાર બહુજ આવે છે. આ નામો પાછળ ભાઇ, બહેન કે મામા, માસી પાછળ લગાડી શકાતા નથી અને લગાડીએ તો એ નામ હાસ્યાસ્પદ બની જાય છે. આધુનિક નામો ઉચ્ચારતા જીભના લોચા વળી જાય છે. નવીનતા જોઈએ, કદાચ આંધળું અનુકરણ સારૂં કહેવાય પણ આતો એનાથી નીચી કક્ષાએ છે. હમણાંના અંગ્રેજી નામોનું અર્થ કરી બતાવો તો તમારી ભાષાના ચીંથરા ઉડી જશે.

આપણા નૃત્યોની ભાવ ભંગિમા જુઓ એ એક પ્રકારની પ્રાર્થના હોય છે. એમાં નવ રસ સામેલ હોય છે. ક્યારે કોઈ શાસ્ત્રીય સંગીતકારનો આલાપ દિલ દઈને સાંભળ્યો છે? મુકેશ, મોહમ્મદ રફી, મન્નાડે કે કિશોરને શાંતિથી સાંભળ્યા છે? ગીતના શબ્દો ઉપર ધ્યાન આપ્યું છે? આ લખનારે અનુભવ્યું છે કે પ્રવીણ શાસ્ત્રીય સંગીતકાર રાગ ઉચ્ચારતા જ શબ્દ-રાગ સ્થૂળ દેહ આકાર પામે છે. તાનસેન યાદ છે? એના આલાપથી દીપ પ્રગટ્યા હતા, અને વરસાદ પણ પડ્યો હતો.

આપણા બોલાયેલા શબ્દો, વાજિંત્રો, નૃત્યો બધા જ વૈશ્વિક શક્તિમાં સ્પંદનો ઉત્પન્ન કરે છે, જિલાય છે. આશા છે કે આપણે કેક અને વેડીંગ રીંગ સંસ્કૃતિ સાથે 'લપઈ' કે લાપશી અને લાડુ ભજિયાની સંસ્કૃતિ જીવંત રાખશું.



- એડ. ઉદયન શાહ

## દિપાવલીની શુભેચ્છાઓ તથા નૂતન વર્ષાભિનંદન



સર્વે વાચકો માટે નૂતન વર્ષ સુખ-શાંતિ અને
સમૃદ્ધિનું સંવાહક બની રહે તેવી શુભેચ્છાઓ
-તંત્રી મંડળ, પ્રકાશ સમીક્ષા



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT
TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

www.umkhona.com

CB: 11/189

# મળવા જેવા માણસ...

## ડૉ. કિરણકુમાર સોમચંદ કાનજી મોમાયા-વરાડિયા (પવઈ)



KDO સમુદાયમાં ઘણા શિક્ષિત વ્યક્તિત્વો છે અને અમે તેમાંના મોટા ભાગનાને આપણે જાણીએ છીએ. પરંતુ કેટલાક એવા સ્ટાર્સ છે જેઓ આપણા સમુદાયમાં વધુ જાણીતા નથી. ચાલો હું તમને આવા છુપાયેલા સ્ટારમાંથી એકનો પરિચય કરાવું, અને તેઓ છે ડૉ. કિરણકુમાર સોમચંદ કાનજી મોમાયા-વરાડિયા (પવઈ). ડૉ. કિરણકુમાર SINE ના ડિરેક્ટર છે, IITB ટેક-બિઝિન્ક્યુબેટર અને IIT મુંબઈમાં પ્રોફેસર છે. તેઓ તેમના જ્ઞાન અને અનુભવને યુવાનોના ઘડતર માટે અને તેમને આવતીકાલના આગેવાન બનાવવા માટે અર્પણ કરી રહ્યાં છે.

ડૉ. કિરણકુમાર સ્વર્ગસ્થ ડો. સોમચંદ કાનજી મોમાયાના પુત્ર છે અને તેમનું ધોરણ ૧૦ સુધીનું શિક્ષણ ગુજરાતીમાં વિ.એલ. હાઈસ્કૂલ, નલિયામાં થયું છે. તેમણે આગળનો ધો.૧૨મા સુધી અભ્યાસ જામનગરમાં ગુજરાતીમાં કર્યો. આપણે બધા એવી છાપ ધરાવીએ છીએ કે ઉજ્જ્વળ ભવિષ્ય અને ઉચ્ચ અભ્યાસ માટે આપણાં બાળકોએ મોન્ટેસરીમાંથી અંગ્રેજીમાં શીખવું જોઈએ પણ ડૉ. કિરણકુમાર સાથે વાત કર્યા પછી મને લાગે છે કે આપણે ખોટું વિચારી રહ્યાં છીએ. ચાલો આપણે ડૉ. કિરણકુમાર પાસેથી વધુ માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** તમારું શાળાકીય શિક્ષણ ગુજરાતીમાં થયું હતું. શું તે તમારા ઉચ્ચ અભ્યાસમાં અથવા વ્યાવસાયિક જીવનમાં અવરોધરૂપ બન્યું?

**ડૉ.કિરણકુમાર :** જરાય નહિં. ૧૨મા ધોરણ પછી હું અમદાવાદની સી.જી. કોલેજમાં જોડાયો અને એન્જિનિયરિંગમાં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવ્યો. કોલેજમાં શિક્ષણ અંગ્રેજીમાં હતું પરંતુ મેં સખત મહેનત કરી અને અંતિમ વર્ષમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

**પ્ર.સ.:** કૃપા કરીને તમારી શિક્ષણ યાત્રા વિશે વધુ જણાવો.

**ડૉ.કિરણકુમાર :** મારી કારકિર્દી બનાવવા માટે મને ઘણા લોકોનો ખૂબ સહકાર મળ્યો છે. અમદાવાદમાં હું મારી માસી ચંદનબેન સાથે રહ્યો અને મારી એન્જીનીયરીંગની ડીગ્રી મેં ૧૯૮૬માં પૂર્ણ કરી. ૧૯૮૬ થી ૧૯૮૭ના મધ્ય સુધી મેં મુંબઈમાં એક વર્ષ કામ કર્યું અને વાશી પુલના બાંધકામમાં ભાગ લીધો. ૧૯૮૭માં હું માસ્ટર્સ માટે આઈઆઈટી-દિલ્હીમાં જોડાયો અને ૧૯૮૯માં એમ ટેક ક્લિયર કર્યું. મેં બે વર્ષ સુધી દિલ્હીમાં કન્સલ્ટિંગ ફર્મ સાથે કામ કર્યું અને અનુભવ મેળવ્યો. ત્યારબાદ હું ડોક્ટરેટ માટે કેનેડા ગયો. હું જાપાનમાંથી ડોક્ટરેટ કરવા માંગતો હતો પરંતુ ઘણા અવરોધોને કારણે તે શક્ય ન હોવાથી હું કેનેડા ગયો અને જાપાની ભાષા શીખી અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા પર પીએચડી કર્યું. પીએચડી કરતી વખતે વચ્ચે હું અનુભવ માટે એક વર્ષ જાપાન પણ ગયો હતો. મેં વર્ષ ૧૯૯૫ માં કેનેડા યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટ મેળવ્યું.

**પ્ર.સ. :** તમારી વાતો પરથી લાગે છે કે તમે જાપાનથી ખૂબ જ પ્રભાવિત છો. તેનું કારણ શું છે?

**ડૉ.કિરણકુમાર :** જાપાન, કોરિયા, ચીન અને તાઈવાન ટેક્નોલોજીમાં ખૂબ જ અદ્યતન છે. મારૂતિ કાર ભારતમાં લોન્ચ થયા પછી મેં જાપાનમાં રસ લેવાનું શરૂ કર્યું. આપણા વિદ્યાર્થીઓ વિદેશમાં મુખ્યત્વે યુએસએ, કેનેડા, ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા છે જ્યાં અંગ્રેજી સામાન્ય ભાષા છે અને જીવન સરળ છે. પૂર્વ એશિયાના દેશોમાંથી ટેક્નોલોજી શીખવાનું કોઈ વિચારતું નથી. નવી ટેકનોલોજી દેશના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારત અને જાપાનમાં ઘણી સમાનતાઓ છે, જેમ કે વધુ વસ્તી, ઓછી જમીન અને ઓછા સંશાધનો, પરંતુ ઉચ્ચ માનવ સંશાધન. જ્યારે જાપાન વિશ્વની ત્રીજી સૌથી ઊંચી અર્થવ્યવસ્થા બની શકે છે, તો ભારત શા માટે આગળ વધી શકતું નથી? આ વિચાર સાથે મેં યુવાનોને જાપાન, કોરિયા વગેરેમાં જવા માટે પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે.

**પ્ર.સ. :** કૃપા કરીને અમને તમારી વ્યવસાયિક કારકિર્દી વિશે જણાવો.

**ડૉ.કિરણકુમાર :** ૧૯૯૫માં મને આઈઆઈટી-દિલ્હી દ્વારા સ્પર્ધાત્મકતા ક્ષેત્રના વિકાસ માટે સહાયક પ્રોફેસર તરીકે જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. મેં ત્યાં ૨૦૧૦ સુધી કામ કર્યું. ત્યારબાદ IIT Mumbai માં પ્રોફેસર તરીકે જોડાયો, જ્યાં હું હજુ પણ મારી સેવાઓ આપી રહ્યો છું. અમે વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી માટે પ્રોત્સાહન આપીએ

છીએ અને તે અમારૂં (IIT's) મિશન છે. હું સ્પર્ધાત્મકતા ક્ષેત્રનો વિકાસ કરી રહ્યો છું અને વિદ્યાર્થીઓને શિક્ષણ અને કારકિર્દી માટે જાપાન જવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છું. જાપાન, કોરિયાના લોકો ખૂબ જ મહેનતુ છે અને આપણે તેમની પાસેથી ઘણું શીખવાનું છે.

હું જર્નલો લખું છું અને સંશોધન કરૂં છું. મારું ધ્યેય જ્ઞાનને વિકસાવવાનું અને તેને વહેંચવાનું છે.

**પ્ર.સ.** : કૃપા કરીને તમારા પરિવાર વિશે કંઈક કહો.

**ડૉ.કિરણકુમાર :** મારી પત્ની મનીષા વૈશ્વિક વ્યાપાર અને સ્પર્ધાત્મકતા જર્નલની મેનેજિંગ એડિટર છે. અને મારા પુત્ર દિવ્યાંગે જાપાનમાંથી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે અને તે હાલમાં જાપાનમાં નોકરી કરી રહ્યો છે.

**પ્ર.સ.** : ક.દ.ઓ. જ્ઞાતિના યુવાનો માટે તમારો શું સંદેશ છે?

**ડૉ.કિરણકુમાર :** સમગ્ર વિશ્વમાં દરેક જગ્યાએ તકો રહેલી છે. સફળતા મેળવવા માટે કઠોર પરિશ્રમ જરૂરી છે. અને શારીરિક તંદુરસ્તી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

**પ્ર.સ.** : કિરણભાઈ, આપે આપેલી માહિતી બદલ ખૂબ ખૂબ આભાર.

**– ડૉ. હિરાચંદ દંડ**

**સોળમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના**



જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં. ૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં. ૨૦૧૬

સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપૂર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિણેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા શાસન પ્રભાવિકા પ. પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.ની
પંદરમી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટી કોટી વંદના...
આપની અમી દૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

**: શ્રદ્ધાસુમન :**

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
**(બાંઢિયા – ઐરોલી)**


## શ્રી મહાવીર એમ્બ્રોયડરી

માટુંગા

**હેવી ડીસ્કાઉન્ટ સેલ–સેલ–સેલ**

| | |
|---|---|
| • હાથભરતની ભારે ફેન્સી સાડીઓ અને પારસી ગારા - દુપટ્ટા | ૩૦-૪૦% |
| • મશીન ભરતની ભારે પારસી ગારા | ૨૦% |
| • દુપટ્ટા-સ્ટોલ-કુરતા મટીરીયલ | ૨૦% |
| • પારસી ભરતના ચણીયા-ચોલી | ૨૦% |
| • પ્લેઈન સાડી મટીરીયલ | ૨૦% |
| • ઓલ્ટરેશન મજુરી ઉપર | ૨૦% |
| • દરેક પ્રકારનું ભરતકામ ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૨૦% |
| • ફેન્સી બ્લા. ઓર્ડરથી મજુરી ઉપર | ૨૦% |
| • કસબ-બટ કસબની સાડીઓ, ચ.ચોલી. | |
| • ફક્ત ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૩૦% |
| • સેમ્પલ સાડીમાં ૫૦% ડીસ્કાઉન્ટ | |

**સેલ પીરીયડ : સોમવાર ૨૬.૯.૨૨ થી મંગળ ૨૫.૧૦.૨૨**
**(દિવાળી સુધી દરરોજ)**

**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં,**
**ફુલ ગલ્લીની સામે, માટુંગા સે.રે.**
**ટે.: ૨૪૦૨૫૦૭૦/૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦**



|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૯૩૨૪૦ ૧૭૩૪૫**

## ગાય અને ભેંસનું શુદ્ધ ઘી

**સ્વાદ લિજ્જતદાર – સુગંધ ખુશ્બુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે**

**એક કિલો**
**પાંચ કિલો અને**
**પંદર કિલોમાં**
**ઉપલબ્ધ**

**ફ્રી હોમ ડિલીવરી**

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૨૦

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ‘‘જીવનની અનોખી પાઠશાળા-૨’’



શ્રી નરશી જેઠાભાઈ દંડ

(લેખકની નોંધ : જીવનની અનોખી પાઠશાળામાં મને શીખવા મળેલા પાઠો લગભગ ૩૨ વર્ષ જુના છે અને ચાયની ચુસકી લેતાં લેતાં સ્મરણપટને ખોતરી ખોતરી આલેખું છું તેથી ક્યાંક વ્યક્તિ, ક્યાંક પ્રસંગ વિશે ભુલ થવાની શક્યતા છે. આ માટે પ્રથમ જ ક્ષમસ્વ છું. તેમજ જે તે વ્યક્તિઓની આ લેખમાં ઉંમરનો નિર્દેશ કર્યો છે તે તેમની તે વખતની એટલે કે ઈ.સ. ૧૯૯૦ની છે.)

શ્રી મહારાષ્ટ્ર એકમ મલકાપુરમાં મને પર્દાપણ કરાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. શ્રીમતી ઉષા રાયચંદ ધુલ્લા-૪૦ (રંગપુર-ડોંબીવલી) જેઓ પોતે કલા ભુષણ એવોર્ડથી નવાજિત હતા અને આર્ટ માસ્ટરની ડિગ્રી હાંસિલ કરી હતી. શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીના તેજા હેઠળ ‘‘રંજન સંધ્યા’’ નામનો કાર્યક્રમ દર વર્ષે ઉજવાતો જેમાં જુદી જુદી હરિફાઈઓનું આયોજન થતું. શ્રીમતી ધુલ્લા એ કાર્યક્રમોના એક સફળ સંચાલક હતા. તેમની ઓળખાણ શ્રી મણીલાલ મોતીલાલ લાપસિયા-૪૯ (રંગપુર-આકોલા) સાથે હતી. ઈ.સ. ૧૯૯૦ની આસપાસ શ્રી મ. એકમનાં કાર્યક્રમોને વધુ લોકભોગ્ય બનાવવા માટે મુંબઈથી સારા વક્તાઓની તેમની માંગણી સામે શ્રીમતી ધુલ્લાએ મારું નામ સુચવ્યું અને તેથી શ્રી મ. એકમનાં વાર્ષિકોત્સવનું સંચાલન કરવા મને આમંત્રણ મળ્યું અને હું મલકાપુર સ્ટેશને ટ્રેનમાંથી ઉતર્યો...

મલકાપુરનાં પ્લેટફોર્મ પર એક હેન્ડબેગ લઈને ઉતર્યો ત્યાં અડધીયા ઝબ્બા અને લેંઘામાં, ગળામાં ગમછો વીટાંડેલા એક ૩૦ વર્ષનાં ભાઈ મારી સામે આવી ઉભા રહ્યા અને પુછ્યું ‘‘તમે સોમચંદ ભાઈ ડોંબીવલીથી આવો છો’’ મેં હા પાડી તો તરત જ મારી હેન્ડબેગ ઝુંટવી લીધી, મને આ અજાણ્યા સ્ટેશન પર ભર દિવસે લૂંટથી બીક લાગી ત્યાંજ ‘‘ચાલો અધ્ધા તમારી ઘરે વાટ જુએ છે’’ હું આશ્ચર્યચકિત થઈ એ ભાઈની પાછળ પ્લેટફોર્મ પરના રેલ્વે લાઈન ક્રોસ કરવા પુલ ચડવા લાગ્યો. પુલના દાદરા ચડતાં ચડતાં આ અધ્ધા કોણ હશે ? આ ભાઈ કોણ હશે નાં વિચારોનાં ધક્કે ચડી ગયો.

સ્ટેશનની બહાર એક મોટી મોટરકાર ઉભી હતી તેમાં મારી બેગ મુકી પેલા ભાઈએ ડ્રાઈવરને ગાડી ચલાવવા સુચના આપી ને નાના રસ્તા પાર કરી બે જ મિનીટમાં એક મકાન પાસે આવી ઊભી રહી. ત્યાં ઉભેલા બીજા એક માણસને મારી બેગ ઉપર પહેલા માળે ‘‘અધ્ધા પાસે લઈ જા - ખાસ મહેમાન છે.’’

હજી હું એ ભાઈનું નામ પુછું ત્યાં તો ત્યાં પડેલી એક સાઈકલ પર સવાર થઈ અદશ્ય થઈ ગયા. દાદરો ચડી દિવાનખાનામાં ગયો તો એક જૈફ ઉંમરનાં પણ ટટાર સુદ્રઢ પાટલીબંધ ધોતિયામાં સજ્જ મુખ પર હાસ્ય ફરકાવતાં મારું અભિવાદન કરતાં પુછ્યું ‘‘રસ્તામાં તકલીફ તો નથી પડીને !’’

વિશાળ સોફા પર મને આસન ગ્રહણ કરવાની વિનંતી કરતા મારી બાજુમાં બેઠા અને પછી ઓળખવિધિ- આગતા- સ્વાગતા શરુ થઈ. હું સમજી ગયો આ ‘‘અધ્ધા’’ એટલે શ્રી નરશી જેઠાભાઈ દંડ-૭૧ (વરાડીયા-મલકાપુર) મારા જીવનની અનોખી પાઠશાળાનાં મારા મુખ્ય શિક્ષક અને અહોભાવથી હું મારા ગુરુનાં ચરણોમાં જુકી પડ્યો.

સ્નાન ઈત્યાદી પતાવી મને શ્રીમતી ભારતીબેન તિલોકચંદ દંડ-૪૫ (વરાડીયા-મલકાપુર)ને હવાલે કરવામાં આવ્યો. અતિશય પ્રેમાળ આગ્રહથી તેમણે નાસ્તો કરાવ્યો અને વચ્ચે આગ્રહથી પીરસતા રહ્યાં શ્રીમતી પ્રતિભાબેન ભરત દંડ-૩૦ (વરાડીયા-મલકાપુર).

નાસ્તો પૂર્ણ કર્યા બાદ ભારતીબેન મને દિવાનખાનામાં લઈ ગયા, વચ્ચેના એક રૂમમાં પથારીવશ ગંગામાં લગભગ તે વખતે ૬૬ વર્ષ (અધ્ધાનાં ધર્મપત્નિ)ની ઓળખાણ કરાવી.

દિવાનખાનામાં અધ્ધાનાં સોફાની આજુબાજુનાં સોફા પર શ્રી મ. એકમનાં કેટલાક પદાધિકારીઓ બીજા દિવસનાં વાર્ષિકોત્સવની ઉજવણીની ચર્ચામાં ગોઠવાયેલા હતા. તેમાંથી ફક્ત એકાદ બે ને જ હું ઓળખતો હતો...


(વધુ આવતાં અંકે)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.

# શ્રી દેવચંદભાઈ શામજી હંસરાજ ધરમશી અરિહંતશરણ થયા તે નિમીત્તે પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. નો સંદેશ



**સુશ્રાવિકા મીરાબેન, આકાશ, ધરતિ એવં સમસ્ત પરિવાર.**
**સા. જયદર્શિતાશ્રી એવં હિમાંશુશ્રીના ધર્મલાભ**



શ્રાવકવર્ય શ્રી દેવચંદભાઈની વિદાયના સમાચાર મળ્યા. જિનશાસનને પામીને દાન, શીલ, તપ અને સુંદર ભાવો દ્વારા જીવનને સફળ બનાવી ગયા. છેલ્લે સુધી જાગૃત અવસ્થા સમાધિ, ગુરૂ ભગવંતોનો યોગ, છેલ્લી ઘડીએ બધા પચ્ચક્ખાણ, બધું વોસરાવવાનું બળ, માંગલિક અને ચાર શરણ સ્વીકાર એ ભાવિ સદ્‌ગતિની નિશાનીઓ છે.

આપ સહુએ સુંદર સેવા કરી, આરાધના કરાવી. ભાઈ-બહેનો-પરિવારજનો બધાના મેળામાં બધાની સાથે હસતાં હસતાં જીવન જીવ્યા અને હસતાં હસતાં વિદાય લઈ જીવન ધન્ય બનાવી ગયા.

શરદભાઈ, ગિરીશભાઈ, સતીશભાઈ, લલિતાબેન, ચંદ્રકળાબેન બધાને સાંત્વના-હિંમત સહ ધર્મલાભ જણાવશો. આપણને બધાને વડીલોની છાયા તો સદા જોઈએ જ પરંતુ આયુષ્ય પૂર્ણ થતા વહેલા કે મોડા સહુને જવાનું છે. દેવચંદભાઈનું સ્વાસ્થ્ય થોડા સમયથી અસ્વસ્થ હતું પરંતુ આટલી જલદી બાજી સમેટાઈ જશે એવો અણસાર ન આવ્યો.

એમના જીવનના ગુણોને આપણા જીવનમાં વિકસાવવા પ્રયત્નશીલ બનીએ. એમના વિદાયથી પરિવારને જ નહિં, સમાજ અને શાસનને પણ ન પુરાય એવી ખોટ પડી છે. ઘણી સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓમાં જોડાઈને સેવાઓ આપી છે, જે ચિરસ્મરણીય બની રહેશે.

એમનો આત્મા જ્યાં પણ હશે પરમ શાંતિમાં જ હશે. એમની શાંતિ-સમાધિ અને અંતે સિદ્ધગતિની સત્વર પ્રાપ્તિ માટે શાસનદેવને પ્રાર્થના કરીએ.

સદ્‌ગત આત્મા માટે શોક કે આંતરધ્યાન ન કરતાં વધુને વધુ ધર્મારાધના કરશો એવી ખાસ ભલામણ છે.

ત્યાં સહુને ધર્મલાભ,
અત્ર શાંતિ તત્ર ભવતુ.

**લી.**
**સા. જયદર્શિતાશ્રીના**
**ધર્મલાભ સ્વીકારશો**

Advt.


**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૧૦-૨૦૨૨


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



**આડી ચાવીઓ :**

૧) સંભવનાથના ધની જન્મ નગરી (૩)
૩) એક દેવલોકનું નામ (૩)
૬) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૭) .... પાલક સંઘ (૨)
૮) કાવી માં ...... ના દેરા છે. (૪)
૧૦) આ ગામમાં આજ નામના પાર્શ્વનાથ છે (૩)
૧૨) આના ઉપર કાબુ કરો (૨)
૧૩) દેવોનો એક પ્રકાર (૫)
૧૭) અહીં દેલવાડાના દેરા છે (૨)
૧૮) વધારેમાં વધારે ગણધર કયા તીર્થંકરના છે (૭)
૨૩) અચ્છેરા કેટલા? (૨)
૨૪) મલ્લીનાથ ... તીર્થંકર છે (૧)
૨૫) પહેલા ત્રણ આરામાં જન્મે (૫)
૨૭) સવારનું પ્રતિક્રમણ (૨)
૩૦) દસમું પાપસ્થાનક (૨)
૩૧) દેવલોક કેટલા? (૨)
૩૩) ૧૦૮માંના પાર્શ્વનાથ અહીં છે (૩)
૩૪) જંબુદ્વીપની ફરતે આ સમુદ્ર છે (૩)
૩૬) કષાય કેટલા? (૨)
૩૭) વીશવિહરમાનમાંના ઋષભાનનનું લાંછન (૨)
૩૮) આ લોકની મધ્યમાં ... છે (૨)

**ઊભી ચાવીઓ :**

૧) ચતુર્વિધ સંઘનું એક અંગ (૩)
૨) એક પાર્શ્વનાથ (૨)
૩) ભરત મહારાજને ક્યાં બળજ્ઞાન થયું (૩)
૪) ચંદનબાલાનું બીજું નામ (૪)
૫) વીસ વિહરમાન તિર્થંકરમાના ત્રીજા (૨)
૭) ..... પાલક સંઘ (૨)
૯) બધા તીર્થંકરો દીક્ષા પછી .... માં વિચરતા (૨)
૧૧) પ્રભુના ..... માં કુંડલ શોભે (૨)
૧૪) કાર્તકી પુનમના દિવસે બધા જીનાલયમાંના દર્શન થાય (૨)
૧૫) અહીંનો મેરુ પર્વત સૌથી મોટો છે. (૪)
૧૬) એક કુલકરનું નામ (૨)
૧૮) ગંધારમાં આવેલ પાર્શ્વનાથ (૪)
૧૯) મહાવીર સ્વામીનો પચીસમો ભવ (૩)
૨૦) મનના દોષ (૨)
૨૧) એક અષ્ટમંગળ (૫)
૨૨) અક્ષતનો ઉપયોગ આ બનાવવા થાય (૩)
૨૬) આ જીનાલયમાં વર્ષમાં એક વાર મહાવીર સ્વામીના ભાલે સૂર્ય તિલક થાય છે (૨)
૨૮) ગુજરાતનું પહાડ ઉપર આવેલ શાંતિનાથનું તીર્થ (૩)
૨૯) નમિ વિનમિ બન્ને એકબીજાના ...... થાય (૨)
૩૨) કવડ યક્ષ શત્રુંજય તીર્થના ...... છે
૩૫) ધર્મનાથનું લાંછન (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૦૯.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૨) દેવગતી (૪) ચરવળો (૬) માનવ (૭) બે (૮) કંકણ (૯) છટ્ઠ (૧૦) કોઠારા (૧૨) દાદા (૧૩) તેરા (૧૬) કલ્યાણસાગરસૂરીજી (૧૯) વતન (૨૧) ડોણ (૨૨) વંદન (૨૩) મંગલ (૨૭) સલાકાપુરૂષ (૨૯) વીર (૩૦) ધુલેવા. **ઊભી ચાવીઓ :** (૧) ક્ષમા (૨) દેવ (૩) ગજ (૪) ચરણ (૫) વણછરા (૮) કંઠાભરણ (૧૧) રાવણ (૧૪) ચોરી (૧૫) કંચન (૧૬) કલ્યાણ મંદિર (૧૭) સાપડો (૨૦) તન (૨૪) લસણ (૨૫) કપુર (૨૬) મુલેવા (૨૮) કાવી.

---

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### બાંદ્રા-ગાંધીધામ વેકેશન સ્પેશ્યલ

ગાંધીધામ-બાંદ્રા-બાંદ્રા-ગાંધીધામ દિવાળી સ્પેશ્યલ વધારાના ફાડા સાથે કુલ ૪+૪ ફેરા નિર્ધારીત કરાયા છે. ૧૨ ડબ્બાની આ ગાડી ગુરૂવાર ૨૦.૧૦.૨૨, ૨૭.૧૦.૨૨, ૩.૧૧.૨૨ અને ૧૦.૧૧.૨૨ના ફેરા કરશે. ગાંધીધામથી બુધવારની રાતના ૦૦.૩૦ કલાકે (રાતના સાડા બાર વાગ્યે) ઉપડશે એ ધ્યાન રાખવું. ગાડી નં. ૦૯૪૧૫ બાંદ્રાથી સાંજના ૭.૨૫ વાગ્યે રવાના થશે.

### એડ. મીનલબેન ભરત મુલજી ખોના

સુથરીના નવી મુંબઈ નિવાસી એડવોકેટ મીનલબેન ભરત મુલજી ખોના જીતો (જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન)ના વર્ષ ૨૦૨૨-૨૪ની મુદ્દત માટે ડિરેક્ટરના પ્રતિષ્ઠાપૂર્ણ હોદ્દા પર નિમાયા છે.

### Twitter યુએઈના કોમ્યુનિકેશન હેડ પદે કેડીઓ



જેક્લીન દેવયાની-નરેન્દ્ર જૈન - જખૌ (દુબઈ)ની Twitter ના કોમ્યુનિકેશન હેડની પોસ્ટ પર નિમણુંક કરવામાં આવી છે.

### શ્રી જૈન શ્વેતાંબર મુર્તીપુજક શ્રી સંઘ, યવતમાલ



નવકાર મંત્ર આરાધક શ્રી જિજ્ઞેશ જે નાગડા અને ટીમ દ્વારા નવકાર જાપ અનુષ્ઠાન પ.પુ. સાધ્વીજી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૦૪ ની પાવન નિશ્રામાં તા. ૦૯/૧૦/૨૨ નાં સંપન્ન થયેલ.

### સખીવૃંદ-પુના



તા. ૨૦ ઓગસ્ટના ઈકો ફ્રેન્ડલી ગણેશની મૂર્તિ બનાવવાનો વર્કશોપ રિધીમાબેનના નિવાસ્થાને યોજાયો જેમાં નિકિતાબેન ઓસવાલે સાદુ માટી, પાણી, ટૂથપીક, ચાકુ, પ્લાયવુડ પીસ તથા ન્યુઝ પેપરની મદદથી ગણેશને કેવી રીતે આકાર આપવો એ બતાવ્યું.

શરૂઆતમાં પ્રમુખશ્રી મીતાબેન લાલકાએ સખીઓને આવકાર્યા, ત્યારબાદ લેખા માલદેએ અહેવાલ રજૂ કર્યો, અંતમાં સોનલબેન લોડાયાએ રીધીમાબેન તથા નિકિતાબેનનો આભાર વ્યક્ત કર્યો.

### ટોચના પાંચ સ્વીમરમાં ગણાતા હીર નાગડાને સિલ્વર મેડલ



હીર પ્રીતી-ગીતેશ નાગડા-કોઠારા (મુલુંડ)એ તાજેતરમાં રાજકોટમાં આયોજીત ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવમાં એક સિલ્વર મેડલ તથા ૪x૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ મિક્સ્ડ રિલેમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરેલ છે અને હવે હીર એશિયન ગેમ્સ માટે તૈયારી કરી રહ્યો છે.

### હુબલીમાં નવરાત્રિ ઉત્સવ

શ્રી ભગવતી મહાકાળી મંડળ, હુબલી યોજીત નવરાત્રી ઉત્સવની ૨૬માં વર્ષની ઉજવણી ભાઈશ્રી શાંતિલાલ રામજી લાલકાના ઘરે થઈ.

દરરોજ ભાવિકજનોએ સારી સંખ્યામાં હાજરી આપી. માતાજીના સ્તવનોનો રસાસ્વાદ માણ્યો. ભાવના દરમ્યાન 'જરા ભેજું કસી જુઓ' પ્રશ્નો પુછી ગિફ્ટ કવર અપાયા હતા.

### જયેશભાઈ જૈન મુલુંડના ચીફ સેક્રેટરી પદે

કોઠારા/સાંધવના મુલુંડ નિવાસી જયેશભાઈ ભાગચંદ જૈન (ધરમશી) તાજેતરમાં 'જીતો' મુલુંડ ચેપ્ટરના ચીફ સેક્રેટરી નિમાયા છે.

### નલિયા મહાજનની નવી કારોબારી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયાની વર્ષ ૨૦૨૨-૨૦૨૮ સુધી માટે નિયુક્ત થયેલી કારોબારીના પ્રમુખપદે મુલચંદભાઈ પદમશી મોતા, મનોજભાઈ

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

ઝવેરચંદ લોડાયા-ઉપપ્રમુખ, પીનાકીનભાઈ જેઠાભાઈ છેડા-માનદ્‌મંત્રી, ચંદ્રેશભાઈ દિનેશ નાગડા-સહ મા.મંત્રી, સંજય ચિમનલાલ નાગડા-ખજાનચી, ચેતનભાઈ લહેરચંદ નાગડા-પાંજરાપોળ (મુંબઈ), જુગલભાઈ માણેકજી નાગડા-પાંજરાપોળ કચ્છ, રાજેશભાઈ લખમશી મોતા-પાંજરાપોળ કચ્છ, મહેશભાઈ (મહેન્દ્ર) ખીમજી નાગડા-સ્થાનિક પેઢી વ્યવહાર તથા પાંજરાપોળ વિભાગ, યશભાઈ વીરેન્દ્ર લોડાયા-યુવા કાર્ય સમિતી, અર્પણભાઈ ફાલ્ગુન ખોના-યુવાકાર્ય સમિતી પ્રભારી.

### ક.દ.ઓ. મહાજન-નાગપુર



મહાજન પ્રમુખ શ્રી નિખીલ ખોનાના માર્ગદર્શન હેઠળ શ્રી મુક્તાગીરી જૈન મંદિર તથા ચિખલદરાનો પ્રવાસ તા. ૮-૯ ઓક્ટોબરના યોજાયો. ચિખલદરામાં ગિનીઝ બુક રેકોર્ડ, ગણપતિ સંગ્રહાલય તથા વિવિધ રમણીય સ્થળ તથા પહાડોનું પ્રાકૃતિક સૌંદર્ય માણીને બધાને ખૂબ આનંદ થયો.

### શ્રી કે ડી ઓ જૈન વિમલ મહિલા મંડળ-વડોદરા

પ્રમુખઃ હંસાબેન મણીકાન્ત લોડાયા, ઉપ પ્રમુખ : ચેતનાબેન લીલમ લાલકા, સેક્રેટરી : લતાબેન નરેન્દ્ર ગોસર, સહ સેક્રેટરી : નયનાબેન અનીલ નાગડા, ખજાનચીઃ નિલમબેન મણીકાન્ત લોડાયા, સહ ખજાનચીઃ પ્રતિભાબેન હંસકુમાર લોડાયા, સલાહકાર સમિતિઃ ગુણવંતીબેન ભરત લોડાયા, જયાબેન ચાંપશી મોમાયા, વિજયાબેન કિશોર ધુલ્લા, ભારતીબેન તરૂણ નાગડા. ધાર્મિક સમિતિ : મધુરીકાબેન લક્ષ્મીચંદ દંડ, હંસાબેન દિનેશ નાગડા, લીલમબેન અનીલ ગાલા, રિધ્ધિબેન લીનેશ લાલકા. સાંસ્કૃતિક સમિતિ : કુસુમબેન નરેન્દ્ર મોમાયા, રાજુલબેન સંજય મોમાયા.


**સોનલ આર્ટ થાણા**

**શાંતીભાઈ મો.નં.: ૯૯૬૭૮ ૪૧૭૯૨**

**તમારી જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી, જરીક્યારા સાચી જરીના સેલા, સાડી, કસબ બટકસબની સારા ભાવે વેચી આપશું. અને તૈયાર સાડીઓ, કસબ, બટકસબ, મોચી ટાંકો, પારસી, પીટા સાડી અને ચણીયા ચોળી તૈયાર મળશે.**


|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધીનાથાય નમઃ || || શ્રી આદીનાથાય નમઃ || KDO

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ

શ્રી જખૌ મહાજન Estd.1966

(રજિસ્ટ્રેશન નં. A1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬) • PAN No. AACTK5465D

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧.

**મુંબઈ કાર્યાલય :** C/o. **શ્રી રાયચંદ દેવશી જીવાણી,** ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર અલી, થાના (વેસ્ટ)-૪૦૦ ૬૦૧.

### વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

તા. ૧૫-૧૦-૨૦૨૨

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની **વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૬-૧૧-૨૦૨૨ સાંજના ૪.૦૦ કલાકે વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધા રોડ અને કસ્તુરબા રોડના કૉર્નર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

### -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત સભાની મિનીટસનું વાંચન તથા એને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.

૪) મહાજનના વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ઓડીટરની નિમણુંક બાબત.

૫) અતિથીગૃહ તથા ભોજન શાળાના વિવિધ નકરા બાબત ચર્ચા-વિચારણા.

૬) મહાજનશ્રીના જુના વાસણોના નિકાલ બાબત ચર્ચા અને નિર્ણય.

૭) ટ્રસ્ટમાં વધારાની ચાંદી તથા ચાંદીની વસ્તુઓના નિકાલ બદલ ચર્ચા.

૮) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા-વિચારણા.

૯) આવેલ પત્ર બાબત ચર્ચા-વિચારણા.

૧૦) સતકોતર અમૃત મહોત્સવની ઉજવણી બાબત ચર્ચા અને ખર્ચની મંજુરી.

૧૧) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયો પર ચર્ચા-વિચારણા.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**

લી. માનદ્ મંત્રીઓ :

**જયંતીલાલ દેવશી મૈશેરી - તરૂણ હંસરાજ નાગડા**

**નોંધ :** વર્ષ ૨૦૨૧-૨૦૨૨ મહાજનશ્રી અને ટ્રસ્ટના હિસાબી ચોપડાઓ (ઑડિટેડ) જખૌ ઑફીસ ખાતે, મહેતાજીને અગાઉથી જાણ કરીને, તા. ૧૫-૧૧-૨૦૨૨ સુધી જોવા મળશે. તથા બેલન્સ શીટની કોપીઓ જખૌ દેરાસર, તેમજ મુંબઈ ઓફીસમાં (સાંજે ૫ થી ૭) સુધી મળી શકશે.


**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એજ જગ્યાએ મળશે. જેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેઘા ટેક્ષટાઈલ**

# જીવન ચક્ર

## જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : **98197 93610 / E-mail : rpshah41@yahoo.com**



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૯.૨૦૨૨ | નવસારી | ક્રિષરાજ, હશીકા-જયરાજ ધરમશી | -- | જોડીયા પુત્ર |
| | નવસારી | ક્રિષિકા, હશીકા-જયરાજ ધરમશી | -- | જોડીયા પુત્રી |
| ૦૨.૦૮.૨૦૨૨ | સિમલા(ભુલસુધાર) | પ્રીથ્વી હેતલ-પ્રીતેશ જયંતિલાલ ધરમશી | સેવક ભરૂડીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૦.૨૦૨૧ | USA | મેહુલ ઉલ્હાસ ધુલ્લા | સુથરી | ૪૪ |
| | કેનેડા | રીચા કમલ અરોરા | નવી દિલ્હી | ૩૮ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૦.૨૦૨૨ | અમદાવાદ | હાર્દિક સમીરભાઈ નરેશભાઈ લાલકા | વારાપધર | ૨૪ |
| | પાલનપુર | રેનુ અશોકકુમાર સધોરમલ રામનાની | પાલનપુર | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૦.૨૦૨૨ | ડોંબિવલી | અશોક લાલજી લોડાય | દલતુંગી | ૫૮ |
| ૦૨.૧૦.૨૦૨૨ | પુના | કાંતાબેન લક્ષ્મીચંદ લોડાયા (રતાણી) | તેરા | ૮૬ |
| ૦૩.૧૦.૨૦૨૨ | અમેરીકા | દેવકુંવરબાઈ ખીમજી ધરમશી | કોઠારા | ૯૨ |
| ૦૭.૧૦.૨૦૨૨ | અમરાવતી | હીરજી કુંવરજી મુનવર (જીવાણી) | જખૌ | ૯૬ |
| ૦૮.૧૦.૨૦૨૨ | વિરાર | રત્નપ્રભા જવેરચંદ લોડાયા | કુઆપધર | ૭૬ |
| ૦૯.૧૦.૨૦૨૨ | મુલુંડ | ચીમનલાલ મોતીલાલ લાપસિયા | રંગપુર | ૮૩ |
| ૧૦.૧૦.૨૦૨૨ | ડોંબિવલી | ગોવિંદજી શીવજી મૈશેરી | લાલા | ૭૫ |
| ૧૦.૧૦.૨૦૨૨ | માટુંગા | દેવચંદ શામજી હંસરાજ ધરમશી | સુથરી | ૭૫ |
| ૧૧.૧૦.૨૦૨૨ | દિવા | આરતીબેન નિર્મલકુમાર દંડ | ભરૂડીયા | ૬૨ |
| ૧૧.૧૦.૨૦૨૨ | નવી મુંબઈ | મધુકર ગોવિંદજી નાગડા | જખૌ | ૭૭ |
| ૧૧.૧૦.૨૦૨૨ | લોકાપુર | જેઠીબાઈ (નવલબાઈ) કેશવજી ધરમશી | સુથરી | ૮૧ |
| ૧૩.૧૦.૨૦૨૨ | ડોંબિવલી | પ્રિતી હિરાચંદ પોલડીયા | ડુમરા | ૫૭ |
| ૧૫.૧૦.૨૦૨૨ | ઈંદોર | પ્રકાશ લક્ષ્મીચંદ મહેશ્વરી (મૈશેરી) | લાલા | ૬૩ |

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-નલિયા

નલિયા મહાજનની મીટીંગ મુલુંડના દેવપુંજ હોલ ખાતે યોજાઈ ગઈ. મીટીંગમાં નલિયાની સર્વે સંસ્થાઓ-શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચંદ્રપ્રભ અતિથીગૃહ, શ્રી નલિનપુર નારી નિગમ-નલિયાના શ્રેષ્ઠીવર્ય તથા ટ્રસ્ટીગણ હાજર રહ્યા હતા. પીનાકીન જેઠાભાઈ છેડાએ સહુને આવકાર્યા હતા.

નલિયામાં જૈનોની વસતી ટકાવી રાખવાના ઉપાય તથા પુનર્વસવસાટનો પ્રશ્ન, નલિયા દેરાસર સુધી મોટા વાહન લાવવા સંબંધી સમસ્યા પર ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. ઉપરોક્ત વિષયો તથા ગામના વિકાસ બાબતે મનોજભાઈ લોડાયા, દિલીપભાઈ નાગડા, નરેશભાઈ મોમાયા, વિરેન્દ્રભાઈ લોડાયા, ચેતનભાઈ ખોના, લીતેશભાઈ ખોના અને હેમંતભાઈ મોતાએ પોતાના વિચારો રજુ કર્યા હતા.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Zaverchand Chimanlal Lalka (PS-1346)**
8, Madhyam Kunj, 2nd Floor,
J.N. Road, Opp. Apna Bazar,
Mulund (West), MH - 400 080.
M. : Manisha Lallka- 92234 26038,
98201 02472.

**Shri Nitin Raichand Sayla (PS-3180)**
504, Amber Apartment,
James Beachy Road, Off. L.B.S. Road,
Behind Ishwar Nagar,
Bhandup (West), MH - 400 078.
M. : 98210 32242, 90228 76713.

**Shri Uday Jayesh Bhate (Dharamshi) (PS-7234)**
W34/Flat No 504, Casa Celeste D,
Lodha Amara, Kolshet Road,
Thane (West), MH - 400 607.
M. : 94231 83879.

**Shri Bhupendra Khushalchandra Poladia (PS-2936)**
E-303, Navneet Nagar, Deslepada,
Dombivli (East), MH -421 204.
M. : 87939 18737.

**Shri Girish Jethalal Lodaya (PS-6887)**
E-1102, Europa, Casa Bella Gold,
Kalyan Shil Road,
Dombivali (East), MH - 421 204.
M. : 93253 33380.

**Shri Dipen Ramesh Lodaya (PS-4035)**
B-503, Navneet Nagar,
Bhadra Nagar, Desale Pada,
Dombivli (East), MH - 421 204.
M. : 92263 87982.

**Shri Rajesh Raichand Chheda (PS-139)**
1504, Silver Heights,
Sarojini Naidu Road, Tambe Nagar,
Opp. Shanti Industrial Estate,
Mulund (West), MH - 400 080.
M. : 98202 26873.

**Shri Jayesh Shantilal Dharamshil (PS-938)**
201, 2nd Floor, Kukreja Apartment,
Vallabh Baugh Lane,
Ghatkopar (East), MH - 400 077.
M.: 93240 12340.

**Shri Chirag Mukund Dharamshi (PS-4076)**
A-20, Ramabai Bldg., Mahajan CHS,
Behind Suvidhinath Jain Mandir,
Raghuveer Nagar, Manpada Road,
Dombivali (East), MH - 421 201.
M. : 99303 47357.

**Shri Jitendra Hirachand Maisheri (PS-1021)**
Hira Chandan Villa, 49, Shreeji Dham,
Lam Road, Opp. BPC Petrol Pump,
Nashik Road, MH - 422 401.
M. : 91373 51001, 98690 04029.

**Smt Gunvantiben Javerchand Dharamshi (PS-6978)**
C/o. Madhur Courier Services,
"Uday", Civil Lines, Hanuman Chowk,
Gondiya, MH - 441 601.
M. : 93252 36540.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

# Bhagwan Mahavir Moksh Kalyanak



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

As soon as Bhagwan Mahavir; the last of the 24 Tirthankars of the current Chauvisi; attained omniscience, Kubera, with the permission of Saudharma Indra, created a beautiful samovasaran (the divine preaching hall of a Tirthankar). All the gods and goddesses, monks, nuns and Tiryanchas (animals) reached to attend the meeting and were waiting to hear the Bhagwan's sermon. Bhagwan Mahavir, continued to maintain silence even after becoming omniscient and did not give any sermon for 66 days thereafter. Bhagwan's Divya Dhwani (divine sound) would not emanate even after so many days. Then, Indra through his clairvoyance, learned that there was no eligible Gandhar (a Tirthankar's disciple who explains the teachings of the Tirthankar to everyone and organises the preaching into 12 parts, called as Dwadashang) present at the samovasaran.

Saudharma Indra came to know that there is a very knowledgeable person whose name is Indrabhuti Gautam who is worthy to become Bhagwan's Ganadhar. Indrabhuti Gautam was a knower of many scriptures but he was very proud of his knowledge. Indra took the form of a Brahmin and took a verse and went to Indrabhuti and asked Indrabhuti the meaning of that verse, but even Indrabhuti could not explain the meaning of that verse. Indrabhuti thought, “who is the guru of this brahmin, from where did this verse come to him, whose meaning even I do not know.” Then Saudharma Indra took Indrabhuti Gautam in the samovasaran. As soon as Indrabhuti Gautam reached Samvasaran, his ego was blown away after seeing 'manstambh' (The pillar at the gate of the samovasaran, which proclaims the glory of the Tirthankar). Gautam Swami asked Bhagwan about the soul, and in reply, the 'deshna' (the preaching), in the form of divine sound of Bhagwan Mahavir emanated after 66 days and cleared all the doubts of Gautam Gandhar.

He took Jain initiation with 500 of his disciples and became a first a monk and later a chief Gandhar.

From then, for 29 years, five months and 20 days, Bhagwan Mahavir wandered and went on preaching the path of moksh to all the bhavya jeevas (living beings worthy of liberation) everywhere! On the Krishna Trayodashi of Ashwin (Dhanteras), Bhagawan Mahavir completed delivering his final sermon after having preached continuously for 48 hours! He then left the samovasaran and stood under a tree in deep meditation and after having burnt down all his aghati karmas (non-destructive karmas), he attained nirvana in the wee hours of Amavasya of Ashwin (Diwali).

A thousand years later, Shri Devardhigani Kshamashramanji encoded these last teachings into an immortal treasure-trove of wisdom which much later came to be known as Shri Uttaradhyayan Sutra. In the Jain world, this scripture is considered to be the last preaching of Bhagwan Mahavir. The fundamental basis for this belief is that the ancient name of these scripture was 'Mahavir Bhasiyai'. The Uttaradhyayan Sutra has 36 chapters. In each chapter, various aspects of life and spiritual practice have been described and the path of ultimate spiritual upliftment has been directed.

Shri Uttaradhyayan Sutra holds a great significance in the eyes of every Jain for the following reasons:

Shri Uttaradhyayan Sutra is an original Agama (spiritual literature).

It is acceptable to and is revered equally by both, the Digambars as well as Shwetambars, the two chief sects of Jainism.

It is a scripture replete with invaluable spiritual gems of the entire Jain Agam literature.

It contains a subtle and heart-touching representation of religion and philosophy through stories, teachings and instructions.

It holds the original essence of the speech of Lord Mahavir.


Hence, commemorating Bhagwan Mahavir's Moksh kalyanak, this Diwali, we ought to worship the Uttaradhyayan Sutra not only in thoughts and words but more so in all our deeds!

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

Over View

# LABELS

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



One day to buy bamboos for our office, I had gone to a bamboo yard (Adda). It was located near our office at Gadag. I was studying in 9th standard. Owner asked me to sit on a stool and wait as his family was busy in the Atithya or hospitalty of their guest. Apart from offering of food, the most interesting thing which made me curious was their offering of a big bottle to him with great respect.

After he went, the owner came to me to attend. Before answering his question I asked him, " Uncle, who was that gentleman?" He said that "He was our swamiji." My immediate question was that "apart from food you offered a bottle to him. Why?". He politely told that "It is a must. Otherwise, they will not come to us and bless us for our heavenly abode in next life." He was fully convinced about it.

While returning my mind was occupied with this incident. Such offerings are a taboo and are unthinkable for many social groups. It will be a big PAAP. But for some it is a great PUNYA. Totally contradictory.

Went to office and narrated the incident to Daddy and sought an answer. I was told that "each community has its own traditions and beliefs." How the same thing can be good or bad ? Was sttuggling for a convincing answer.

Over the years, I have observed that such contrary beliefs galore, be it in traditions, customs, habits or from place to place, country to country, family to family, creed to creed or time to time. Whether it is right or wrong, pure or impure, ethical or unethical, moral or immoral, auspicious or inauspicios, forbidden or allowable, Paap or Punya etc. depends on their individual beliefs.

If on this earth there were no human beings there will be things, just things. No classification or labelling. There will be no Shubh or Ashubh.

Along with man, mind comes. Along with mind qualities of division and dissecting of things in to good or bad come. These divisions do not divide the world but they divide the division makers. On these divisions human race has fought thousands of wars and resulting in loss of millions of lives. Many people make a living out of thousands of interpretations and divisions. Every group considers that it is superior and fights for it stubbornly. Human relations also are always the casualty. Ego rules Supreme.

Existence is one. Facts are one. Accept them as they are without lebelling them as good or bad. Do not impose the colour of your belief system. We all go through the same path on which the evolved souls have walked. Definitely, there will be differences in birth places, parents, gender, wealth, colour, creed etc., but the fabric of life is uniform. The taste of birth and death is the same. Though walking on the same roads, we all have different experiences and learnings. And all this depends on our labels and beliefs.

Misery or Dukh can be experienced with full awareness that I caused it, how I created it and will not do again. Having burnt hand once in fire, I will never repeat it. No oath is required. Of course, Life is not that simple. For few causes action will be delayed. Linking may be difficult. Human desire only sows the seeds of Dukh. All of us know this phenomenon intellectually, but ...but we mostly follow our base instincts. We get hypnotised by them. They all depend on our belief system. What is most desired to me may be most unwanted to others. What your label makes you believe becomes truth to you. We call it Sanskar. You see what is not there and don't see what is there and with that you will miss what is there. You apply wrong labels and get affixed to it. So DO NOT APPLY LABELS. Doorless door of eternal bliss will be open for you.

# Career Choices - Part II

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9591279036.**
Pehechaan - A Mission To Help Identify Yourself.



## "OPPORTUNITIES DON'T HAPPEN, YOU CREATE THEM"

**COMMERCE STREAM**

Commerce Stream can be extremely great for those who wanted to become Chartered Account, Professor, Bank PO, Teacher, Finance Manager, Bank Manager, Stock Broker, Marketing Manager, Economist, Cost Accountant, Accountant Executive, HR, and many more. Various Subjects in Commerce Stream include Business Studies, Statics, Economics, Mathematics, English, Computer, Accountancy, etc.

After finishing your 12th commerce stream you can go for any of the following courses.

- B.com – Bachelor of Commerce
- M.com – Master of Commerce
- BBA – Bachelor of business administration
- BCA – Bachelor of Computer Application
- BMS – Bachelor of Management Studies
- MBA – Master of Business Administration
- Bachelor in Economics
- CA – Chartered Accountant
- CS – Company Secretary and many more.

Commerce and Business subjects like– Accountancy, Business Studies, Commerce, Economics, Economic Geography, Secretarial Practice, Entrepreneurship, etc. Mathematics, Statistics, Computer Science – some boards let you keep a Science subject along with other commerce subjects.

Career-oriented subjects for pursuing commerce courses after 10th are Computer Studies, Information Technology, Information & Communication Technology, Fashion Studies/ Fashion Design, Media Studies, Travel & Tourism, etc. along with your other Commerce and Business subjects.

If you have opted for Biology you can join the below courses after completing 12th.

MBBS – Bachelor of Medicine, Bachelor of Surgery
BAMS–Bachelor of Ayurvedic Medicine and Surgery
BDS – Bachelor of Dental Surgery
B.Pharm – Bachelor of Pharmacy
M.Pharm – Master of Pharmacy
Nursing
Veterinary Science
B.Sc – Bachelor of Science
M.Sc – Master of Science.
BE ( Bachelor of Engineering ) / B.tech ( Bachelor of Technician )
ME ( Master of Engineering ) / M.tech ( Master of Technician )
B.Ed-Bachelor of Education
M.Ed-Master of Education
P.hd-Doctor of Philosophy

For Diploma courses of 3 years you have the below choices.

- Electrical Engineering
- Chemical Engineering
- Metallurgical Engineering
- Civil Engineering
- Mechanical Engineering
- Information Technology
- Fabrication Engineering
- Automobile Engineering
- Biomedical Engineering
- Production Engineering
- Marine Engineering
- Aerospace Engineering
- Petroleum Engineering
- Mining Engineering.
- Diploma in Rural Healthcare
- Diploma in Paramedic Nursing
- Pathology Lab Technician
- Diploma in Hospital Assistance
- Certificate of Nursing Assistance
- Diploma in Nursing Assistance
- DMLT-Diploma in Medical Laboratory Technology
- DHFM–Diploma in Hospital Food Service Management
- DOT – Diploma in Ophthalmic Technology.

Some different career Choices.

- Diploma in Food & Beverage Management
- Hotel Management Courses after 10th
- Diploma in Nutrition
- Diploma in Hospitality Management
- Diploma in Hotel Stores Management
- Diploma in Food Technology
- Diploma in Front Office & Reception Management.
- Diploma in Catering and Catering Technology.
- Diploma in Restaurant & Hotel Management.
- Diploma in Food & Beverage Production.

*to be continued...*

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

# સાતમી પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



## શ્રી કેતન ગોવિંદજી લોડાયા (અજાણી)

**કચ્છ : કોઠારા • મુંબઈ : ઘાટકોપર**

**જીવન યાત્રા : તા. ૧૬.૧૦.૧૯૬૫ • તા. ૨૦.૧૦.૨૦૧૫**

સેવા, સદ્ભાવ તથા સદ્ગુણોથી જીવનને અનેરી ઉંચાઈ આપનારા
આપની વિદાયથી અમોએ વાત્સલ્યભર્યા વરદ્હસ્ત ગુમાવ્યા છે.
આપની વ્યવહાર કુશળતા, સાદગી તથા સહજતા અમારા માટે
માર્ગદર્શક તથા પ્રેરણાદાયક બની રહેશે.

## માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા (અજાણી) પરિવાર


**નિવાસ : ૯૦૪/૯૦૬, સહ્યાદ્રી બિલ્ડીંગ, નિલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**

## કુલીન જ્વેલર્સ ❁ કુલીન ઈમ્પેક્સ

**મુંબઈ - ૪૦૦ ૦૦૨.**

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication :** 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા.૧૩/૦૬/૧૯૪૭

: અરિહંતશરણ :
તા. ૧૦/૧૦/૨૦૨૨

## સ્વ દેવચંદ શામજી હંસરાજ ધરમશી

ગામ : સુથરી-કચ્છ, હાલે : માટુંગા.

દૃષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો, અંતરમાં હજુએ પડઘાય છે તમારી સ્મૃતિના ધબકારા,
વ્યવહારમાં સચવાય છે તમારા સંસ્કારના રણકાર સ્મૃતિમાં હજુએ સંભળાય છે તમારી યાદોના ભણકારા
સત્કર્મો અને સત્કાર્યો દ્વારા પ્રેરણારૂપી જીવન જીવી સદા મહેકતા રહેનાર આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ નતમસ્તકે અર્પીયે,
મળે શાશ્વત સુખ અને શાંતિ બસ એ જ પ્રાર્થીએ. શત શત કોટી નમન અમારા પ્રેમાળ વડીલને....

આપના ઉચ્ચ આત્માને પરમાત્મા શાશ્વત શાંતિ આપે
એવી પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

: શ્રદ્ધા સુમન અર્પણ કરનાર :

## स्व. शामजी हंसराज डोसा धरमशी परिवार

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**